**UNIVERSITY OF CAMBRIDGE LOCAL EXAMINATIONS SYNDICATE**
**in collaboration with**
**THE MINISTRY OF EDUCATION, SINGAPORE**

**General Certificate of Education Ordinary Level**

# GUJARATI 3199/2

PAPER 2 Language Usage and Comprehension

**OCTOBER/NOVEMBER SESSION 2002**

1 hour 30 minutes

Additional materials:
Answer paper

**TIME** 1 hour 30 minutes

## INSTRUCTIONS TO CANDIDATES

Write your name, Centre number and candidate number in the spaces provided on the answer paper/answer booklet.

Answer **all** questions.

Write your answers on the separate answer paper provided.

If you use more than one sheet of paper, fasten the sheets together.

## INFORMATION FOR CANDIDATES

The number of marks is given in brackets [ ] at the end of each question or part question.

**This question paper consists of 10 printed pages and 2 blank pages.**


© UCLES 2002

## Section A
વિભાગ ક

### A1 **Combination of Words** [10 marks]

નીચે આપેલા બે શબ્દોની સંધી કરી એક શબ્દ બનાવો.

1 એક + અક્ષર

2 આજ્ઞા + અનુસાર

3 પર + ઉપકાર

4 ધર્મ + ઇન્દ્ર

5 પ્રતિ + એક

**A2** **Idioms, Proverbs and Words in Pairs** [10 marks]

રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ

નીચે આપેલાં વાક્યોમાં ખાલી જગા ભરવા માટે વાક્યોની નીચે રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ આપ્યાં છે તેમાંથી યોગ્ય રૂઢિપ્રયોગ, કહેવત, જોડશબ્દ શોધી તેનો ઉત્તર ઉત્તરપત્રિકા (Answer Sheet)માં લખો.

**6** રમેશનો પગાર ઓછો હોવાથી હમેશાં તેનો ______________________ છે.

**7** જૂઠું બોલતાં તે પકડાઇ ગયો એટલે એનો ______________________.

**8** એને કંઇ સલાહ આપવી એ______________________ બરાબર છે.

**9** ગામડાંના અભણ માણસોમાં એ ______________________ જેવો છે.

**10** કોઇના ______________________ સાથી થવું સારું કહેવાય.

| | | | |
|---|---|---|---|
| (1) | કાન દેવા | (2) | પથ્થર પર પાણી રેડવું |
| (3) | હાથ ભીડમાં હોવો | (4) | પેટે પાટા બાંધવા |
| (5) | કાચા કાનનું હોવું | (6) | ચહેરો ઉતરી જવો |
| (7) | દયા-કરુણા | (8) | આગળ પાછળ |
| (9) | સુખ – દુઃખ | (10) | આંધળામાં કાણો રાજા |

**A3** **Sentence Transformation** [10 marks]

વાક્ય રૂપાંતર

દરેક સંપૂર્ણ વાક્યની નીચે અધૂરાં વાક્યો આપ્યાં છે. તે વાક્યોને યોગ્ય શબ્દની મદદથી એવી રીતે પૂરાં કરો જેથી તેની ઉપર આપેલાં વાક્યોનો અર્થ ન બદલાય. ઉત્તરપત્રિકા (Answer Sheet)માં માત્ર ઉત્તર લખો :

11 મારાથી તમારું આ કામ નહીં થઇ શકે.

હું ______________________________.

12 નદીમાં પૂર હતું તેથી હોડી સામે પાર જઇ ન શકી.

હોડી સામે પાર ન જઇ શકી ______________________________.

13 સામાન ખૂબ ભારે હોવાથી મજૂર વધારે પૈસા માંગતો હતો.

સામાન ખૂબ ભારે હતો ______________________________.

14 તેના આવતાં પહેલાં હું મારું કામ શરૂ નહીં કરું.

તેના આવ્યા ______________________________.

15 તું સાચવીને ચાલશે તો પડી નહીં જાય.

તું ગમે તેમ ______________________________.

**A4** **Cloze Passage** [20 marks]

ક્લોઝ પેસેજ

નીચેના ફકરામાં આપેલી ખાલી જગા ભરવા માટે ખૂટતા શબ્દો ફકરાની નીચે આપ્યા છે. દરેક ખાલી જગા ભરવા માટે યોગ્ય શબ્દ શોધી તેનો ઉત્તર ઉત્તરપત્રિકા (Answer Sheet)માં લખો.

છેલ્લાં થોડાં વર્ષોથી લોકો જુદાં જુદાં પ્રકારનાં ____**16**____ વાહનો વાપરે છે. એક શહેરથી બીજે શહેર જવા માટે ટ્રેન, ગાડી કે બસનો ____**17**____ કરે છે. એક દેશથી બીજે દેશ જવા માટે વિમાન કે આગબોટનો ઉપયોગ કરે છે. કેટલાક લોકો પાસેના દેશોમાં રજા ____**18**____ માટે કે ઘણીવાર વખતે પોતાની ગાડીનો ઉપયોગ કરે છે.

સામાન્ય રીતે ટ્રેનમાં જવું ખૂબ મોંઘું પડે છે અને બાળકો અને ____**19**____ સાથે બસ કે ટ્રેનની મુસાફરીમાં અનેક ____**20**____ મુશ્કેલી પણ પડે છે. પોતાની ગાડીમાં ઘણાં ____**21**____ અને ખૂબ ઓછા ખર્ચે મુસાફરી કરી શકાય છે.

દૂરના દેશોમાં જવા માટે મોટે ભાગે લોકો ____**22**____ ઉપયોગ કરે છે. વિમાનની મુસાફરી કેટલાક લોકોને ઘણી ____**23**____ લાગે છે જ્યારે બીજા કેટલાકને ઘણી ઉત્તેજક અને ____**24**____ લાગે છે. દૂરના દેશોમાં જવા માટે હવે આગબોટનો ઉપયોગ લગભગ બંધ થઇ ગયો છે પણ ____**25**____ માટે તેનો ઉપયોગ વધવા માંડ્યો છે.

| | | |
|---|---|---|
| **(1)** રજાની સહેલ | **(6)** ઉપયોગ | **(11)** મુસાફરીનાં |
| **(2)** દૂરના | **(7)** કેટલાકને | **(12)** પ્રકારની |
| **(3)** કંટાળાજનક | **(8)** આનંદદાયી | **(13)** મોંઘું |
| **(4)** મોટે ભાગે | **(9)** ગાળવા | **(14)** વિમાનનો |
| **(5)** આરામથી | **(10)** આગબોટનો | **(15)** સામાન |

## Section B
### વિભાગ ખ

નીચે આપેલું લખાણ ધ્યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

મોટા ભાગના લોકોને પોતાના ફાજલ સમયમાં શું કરવું તેની ખબર પડતી નથી. નાનાં બાળકો નિશાળેથી ઘેર આવી, થોડો નાસ્તો કરી, તેમના શિક્ષકોએ આપેલું ઘરકામ કરવામાં પડી જાય છે. તેમનાં માબાપ તેમની રોજિંદી નોકરી પરથી આવી ઘરનાં અનેક પ્રકારનાં કામ, સાંજના ભોજનની તૈયારી કરવી વગેરેમાં લાગી જાય છે. બધું કામ આટોપ્યા પછી થોડી વાર ટેલિવિઝન જોઇ ઊંઘવાની તૈયારી કરવા માંડે છે. તેમનાં બાળકો માટે પણ સમય કાઢી નથી શકતાં. આમ સોમથી શુક્રવાર સુધી ચાલે. શનિ રવિની રજામાં ઘરની અનેક પ્રકારની ખરીદી કરવામાં અને સગાં તથા મિત્રોને મળવામાં સમય પસાર થઇ જતો હોય છે. સિનેમા જોવાનો, ફરવા જવાનો કે વાંચવાનો પણ સમય મળતો નથી.

નાનાં મોટાં સૌ જો પ્રયત્ન કરે તો રોજના સાંજના સમયમાંથી અને શનિ/રવિના રોજ થોડો સમય કોઇક પ્રકારની ઇતર પ્રવૃત્તિ માટે જરૂર કાઢી શકે. એક વખત કોઇક ઇતર પ્રવૃત્તિ શરૂ કર્યા પછી તેમાં રસ જાગે, એમ થવાથી એ પ્રવૃત્તિમાં ઊંડા ઉતરી તેમાં આગળ ભણતર કે સંશોધનનું કામ પણ કરી શકાય. કેટલાયે લોકો આવી રીતે કામ કરી ઘણાં આગળ આવ્યા છે અને તેમાંથી તેમને પોતાને જ નહીં પણ સામાન્ય લોકોને પણ તેમની પાસેથી ઘણું જાણવાનું અને શીખવાનું મળ્યું છે. આવા લોકોના દાખલા અનેક છે.

ફાજલ સમયનો ઉપયોગ દરેક વ્યક્તિ પોતાના સ્વભાવ, આર્થિક અને સામાજિક પરિસ્થિતિ અને પોતાને મળતા સમય અને દેશના હવામાનને આધારે કરે છે, ભલે તે ભણેલો હોય કે નહીં, ગરીબ હોય કે ધનિક. મોટા ભાગના દેશોમાં દરેક ઉંમરની વ્યક્તિને અનુકૂળ આવે એવી ઇતર પ્રવૃત્તિઓ પૂરી પાડવાની સગવડ ઊભી થઇ છે. લોકો આવી પ્રવૃત્તિઓમાં જોડાય તે માટે જુદી જુદી શૈક્ષણિક સંસ્થાઓ અને દેશની સરકાર ઘણું પ્રોત્સાહન આપે છે અને તેમાં જોડાવા માટે તેની ફી પણ ખૂબ ઓછી રાખે છે. વિકલાંગ લોકો માટે પણ ઘણી પ્રવૃત્તિઓ યોજાય છે. દાક્તરો પણ મોટી ઉંમરની વ્યક્તિઓને ઘરમાં બેસી રહેવાને બદલે કોઇ આવી પ્રવૃત્તિમાં જોડાવાની સલાહ આપે છે જેથી તેમને એકલાપણું ન લાગે, સમય સારી રીતે પસાર થાય અને શરીરની તંદુરસ્તી જળવાઇ રહે. દરેક વ્યક્તિ માટે સારી ઇતર પ્રવૃત્તિ શારીરિક અને માનસિક વિકાસનું એક સાધન બની શકે એમાં કોઇ શંકા નથી.

**B5** **MCQ Comprehension** [14 marks]

વિકલ્પવાળા બોધપ્રશ્નો

લખાણને આધારે નીચે સાત પ્રશ્નો આપ્યા છે અને તે દરેક પ્રશ્ન માટે ચાર-ચાર વિકલ્પો આપ્યા છે તેમાંથી યોગ્ય વિકલ્પ શોધી તે નંબર ઉત્તરપત્રિકા (Answer Sheet)માં લખો.

**26** રોજ સાંજે માબાપ

**(1)** ચોપડીઓ વાંચે છે

**(2)** બાળકો સાથે રમે છે

**(3)** રસોઇ બનાવે છે

**(4)** ફરવા જાય છે

**27** અઠવાડિયાના અંતે માબાપ શું કરે છે?

**(1)** શાંતિથી વાંચે છે

**(2)** ઘર માટે ચીજ વસ્તુ લેવા જાય છે

**(3)** સિનેમા જોવા જાય છે

**(4)** બેસીને ટેલિવિઝન જુએ છે

**28** બધા લોકો અન્ય પ્રવૃત્તિમાં કઇ રીતે જોડાઇ શકે?

**(1)** ખરીદી કરવાનું બંધ કરીને

**(2)** કામ કરવાનું બંધ કરીને

**(3)** રાતે વહેલા સુઇ જઇને

**(4)** રોજ થોડો સમય બચાવીને

29 કોઇ સારી પ્રવૃત્તિમાં ભાગ લેવાથી

(1) કદાચ નવી વસ્તુ શોધી શકાય

(2) વધારે કામ ન કરવું પડે

(3) સમય બચાવી શકાય

(4) નિશાળે જવું ન પડે

30 ફાજલ સમયનો ઉપયોગ કોણ કરી શકે?

(1) નોકરી વગરના લોકો

(2) અક્ષરજ્ઞાન ન હોય તેવા લોકો

(3) દરેક ઉંમરની વ્યક્તિ

(4) માત્ર પૈસાવાળા લોકો

31 ઇતર પ્રવૃત્તિ માટે

(1) સરકાર લોકોને પૈસા આપે છે

(2) નિશાળો અને કોલેજો ઉત્સાહ બતાવે છે

(3) લોકોને દોડધામ કરવી પડે છે

(4) સંસ્થાઓ બંધ કરવી પડે છે

32 ઇતર પ્રવૃત્તિમાં જોડાવાથી મોટી ઉંમરની વ્યક્તિઓને શું ફાયદો થાય છે?

(1) તેમના પૈસા બચે

(2) એકલાપણું ન લાગે અને શરીર સારું રહે

(3) તેઓ ખૂબ પૈસા કમાય

(4) તેમનો સમય બચે

## Section C

### વિભાગ ગ

નીચે આપેલું લખાણ □યાનથી વાંચો અને તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તર આપો.

રેડિયો અને ટેલિવિઝનની શોધ થયા પછી વિશ્વમાં ઠેકાણે ઠેકાણે થતી ગંભીર હોનારતો વિશેની માહિતી દુનિયાના બધા દેશોને ખૂબ સહેલાઇથી પહોંચાડી શકાય છે. આવી ગંભીર હોનારતોમાં ધરતીકંપ, વાવાઝોડું, નદીનાં પૂર, અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ, દુકાળ, આગ, દરિયાનો મોટો ઉછાળ, હિમવર્ષા વગેરે જે કુદરતી સંજોગોને કારણે થાય છે તેનો સમાવેશ કરી શકાય. જ્યારે લડાઇ, આતંકવાદ, હુલ્લડ વગેરેને કારણે સર્જાતી ગંભીર સ્થિતિનો સમાવેશ માનવ સર્જિત હોનારતોમાં કરી શકાય. આ માનવ સર્જિત હોનારતો આપણે મનુષ્યો જો સમજ અને સહનશીલતા કેળવીએ તો જરૂર ટાળી શકાય. કુદરતી હોનારતો ટાળવી આપણે માટે લગભગ અશક્ય છે. જો કે વૈજ્ઞાનિકો અને ઇજનેરોએ આ માટે ઘણા પ્રયત્ન કર્યા છે.

આવી હોનારતોથી લોકોનું જીવન તદ્દન ખોરવાઇ જાય છે. પાણી, વીજળી, ગેસ વગેરે ન મળવાથી અનેક પ્રકારની મુશ્કેલી અનુભવવી પડે છે. ઘણાં લોકો પોતાનો જીવ ગુમાવે છે. ઇજા પામેલા લોકોને સહાય મોકલવામાં અને મૃત દેહોનો નિકાલ કરવામાં મકાનો, ઇમારતો, રસ્તા વગેરેને થયેલા નુકસાનને કારણે ઘણો વિલંબ થાય છે. આવી હોનારતોનું જીવંત ચિત્ર વિશ્વના લોકોની નજર સમક્ષ ખડું કરવા અને એના પારા લોકોમાં એક પ્રકારની સહાનુભૂતિની લાગણી ઊભી કરી અસરગ્રસ્ત લોકોને સહાય કરવા ફંડફાળો ઉઘરાવવાની અપેક્ષા રાખતા ખબરપત્રીઓ ત્યાં પોતાના જીવના જોખમે પહોંચી જાય છે. આવી હોનારતોમાં સૌથી વધારે કરુણાજનક દૃશ્ય ઇજા પામેલાં નાનાં બાળકો, વૃદ્ધો અને માંદા નિસહાય લોકોનું છે. ટેલિવિઝન પર અને દૈનિક છાપાંઓમાં આનાં હૃદયદ્રાવક ચિત્રો જોઇ કોઇપણ વ્યક્તિ સહાય પૂરી પાડવા માટે અનેક રીતે પ્રયત્ન કરે તો તેમાં નવાઇ ન લાગવી જોઇએ.

દુનિયાના ધનિક દેશો જ નહીં પણ નાનામાં નાનો દેશ પણ પોતાથી બનતી મદદ આપવાની તૈયારી બતાવે છે. અનેક દેશોની પરોપકારી સંસ્થાઓ અને આંતરરાષ્ટ્રિય જૂથો પોતાના ધાર્મિક, રાજકીય, સામાજિક કે એવા બીજા વિચારો ભૂલી જઇ લોકોને મદદ કરવા ત્યાં પૂરી ઝડપે પહોંચવા પ્રયત્ન કરે છે. ડુંગરાળ, ઝાડીવાળા કે પૂરને કારણે કાદવવાળા થયેલા વિસ્તારોમાં જવું કેટલું મુશ્કેલ બને છે તેનું આબેહૂબ ચિત્ર આપણે ટેલિવિઝન પર જોઇ શકીએ છીએ. આવી આકરી પરિસ્થિતિને ગણકાર્યા વગર જીવને જોખમે કામ કરતા લોકોને જેટલો ધન્યવાદ આપીએ તેટલો ઓછો ગણાય.

**C6** **OE Comprehension** [36 marks]

મુક્ત બોધ પ્રશ્નો

33 ત્રણ કુદરતી આફતોનાં નામ લખો. આનું પ્રસારણ સહેલું શા માટે બન્યું છે?

34 લોકોએ ઊભી કરેલી ત્રણ આફતોનાં નામ લખો. આ આફતો કઇ રીતે નિવારી શકાય?

35 કુદરતી આફતોથી જાહેર જીવન પર શું અસર પડે છે? કોઇ પણ ત્રણ વિષે લખો.

36 જુદા જુદા દેશોના સામાન્ય લોકો શા માટે મદદ કરવા તૈયાર થાય છે?

37 આવી આફતોથી સૌથી વધુ મુશ્કેલી કોને પડે છે? શા માટે?

38 મદદ કરતા લોકો ધન્યવાદને પાત્ર શા માટે કહી શકાય?

**C7** **Vocabulary** [10 marks]

શબ્દાર્થ

નીચે આપેલા શબ્દો લખાણમાં લીટી દોરીને બતાવાયા છે. આ શબ્દોના અર્થ લખો.

39 હોનારત

40 અતિવૃષ્ટિ

41 નિકાલ

42 કરુણાજનક

43 આકરી

End of Paper

**BLANK PAGE**

**BLANK PAGE**